Sarth E- Journal

Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.8, Issue.1 No.55

Impact Factor: 6.89
Quarterly
January to March - 2023

# લોકસાહિત્યકાર: ડૉ. ભગવાનદાસ પટેલ

*ડૉ. રવિકુમાર આર. વસાવા

## સારાંશ:

લોકસાહિત્યના સનિષ્ઠ સંશોધક–સંપાદક ડૉ. ભગવાનદાસ પટેલ 'ભારતીય દૃષ્ટિ લોકને સંપૂર્ણ જીવનમાં વ્યાપત અને જીવનના સજીવ અંગ તરીકે સ્વીકારે છે'. – તેવું સતત ધબકતું, સદા અંકુરિત, નીત નવાં રંગોને ધારણ કરી પ્રવાહિત રહેતી લોકપરંપરાને આંતરિક ગતિશીલ અને પરિવર્તનશીલ શક્તિરૂપે-પરંપરારૂપે જીવતી ૨૧મી સદીમાં પણ આપણે જોઈ શકીએ છીએ. 'લોક' સમાજના વિઘટન સાથે વિઘટન પામતો નથી પણ પોતાની જીજ્ઞાસાવૃત્તિ અને પરિવર્તનશીલ વલણ થકી આધુનિકયુગ સાથે સાયુજ્ય સાધ્યું છે, તેવા આદિવાસી લોકકંઠપરંપરાના મહાકાવ્યો વિશે એટલે કે 'ભીલી આદિવાસી કંઠપરંપરા' પર ૨૦૦૯માં રાષ્ટ્રીય પરિસંવાદના અર્કરૂપે ડૉ. ભગવાનદાસ પટેલ સંપાદિત 'ભીલી મહાકાવ્યો : એક મૂલ્યાંકન' પુસ્તક સાહિત્ય

અકાદમી, દિલ્હી દ્વારા પ્રકાશિત થયું છે, તે કંઠપરંપરાના મહાકાવ્યો માટેના પરિચય, મૂલ્યાંકન અને સમીક્ષા કરતા સંશોધક માટે સીમાચિહ્નરૂપ છે.

**મુખ્ય શબ્દો**: લોકસાહિત્ય, લેખક, પરંપરા, સંશોધન, મૂલ્યો.

---

(***ડૉ. રવિકુમાર આર. વસાવા, આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા. મો. ૯૪૦૮૮૯૯૫૫૯, ઈમેઈલ: ravikumarvasava@gmail.com**)

---

## પ્રસ્તાવના:

આદિવાસી લોકસાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસી, ઉત્તમ સંશોધક-સંપાદક તરીકે ભગવાનદાસ પટેલનું નામ અને કામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતું છે. ભારતમાં વસતી આદિવાસી જાતિઓમાં ભીલ જાતિ સંખ્યા અને વિસ્તારની દૃષ્ટિએ મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં પણ બીજી આદિજાતિઓની તુલનાએ તેમણે અરવલ્લીની ગીરીમાળમાં વસતી, ખાસ કરીને દાંતા-ખેડબ્રહ્મા આસપાસના વિસ્તારમાં વસતી ડુંગરી ભીલ જાતિના સામાજિક ધાર્મિક મૌખિક સાહિત્યનો અભ્યાસ કરી ભગવાનદાસ પટેલે મૌખિક-કંઠસ્થ સાહિત્યને ઉજાગર કરતાં અનેકાધિક પ્રકાશનો પ્રગટ કર્યાં છે. આ કંઠ્ય પરંપરાને હજાર-પંદરસો જેટલી ઓડિયો કેસેટોમાં ધ્વનિમુદ્રિત કરી સાહિત્યની મોટી સેવા કરી છે.

## લેખક પરિચય:

ભગવાનદાસ પટેલ નામ અને જ્ઞાતિ તો ફક્ત એમની પહેલી ઓળખ જ છે, કર્મથી તો જેઓ સંપૂર્ણ આદિવાસી બની ગયેલા છે. આદિવાસી કંઠ પરંપરાનું લોકસાહિત્યને અને ડૉ.ભગવાનદાસ પટેલ આજે એક બીજાના પર્યાય થઈ ગયા છે. પોતાની ચાર દાયકાની

જિંદગીને આદિવાસી લોકસાહિત્યના સંશોધન માટે સોંપી દીધી છે. આ ક્ષેત્રે તેમનું ખૂબ જ આદરપૂર્વક લેવાય છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા સાબરકાંઠા અને દક્ષિણ રાજસ્થાનના ભાગોમાં આવેલા આદિવાસી વિસ્તારોના આદિવાસી લોક પરંપરાને જીવંત દસ્તાવેજ રૂપે મૂકનાર ડૉ. ભગવાનદાસ પટેલ ગુજરાતી ભાષાના જાણીતા લોકસાહિત્યવિદ્ છે.

તેમનો જન્મ ૧૯નવેમ્બર ૧૯૪૩ના રોજ સાબરકાંઠા જિલ્લાના જામળા ગામે પિતા કુબેરદાસના ઘરે માતા મેનાબહેનની કૂખે ખેડૂત પરિવારમાં થયેલો. તેમનું પ્રાથમિક શિક્ષણ તેમના વતન જામળામાં થયું. તેઓએ ૧૯૬૭માં હિન્દી/ગુજરાતી વિષય સાથે બી.એ. તથા ૧૯૭૦માં હિન્દી, ભૂગોળ સાથે બી.એડ કર્યું. ૧૯૭૨માં હિન્દી/સંસ્કૃત વિષય સાથે તેઓ એમ.એ. થયા. ૧૯૮૪માં 'ભીલોમાં ગવાતા અરેલા' વિષય પર કનુભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ એમ.ફિલ અને ૧૯૯૦માં 'ખેડબ્રહ્માની પ્રાગઐતિહાસિક પરંપરા' વિષય પર રમણભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી થયા. ખેડબ્રહ્માની કેશવજી ઠાકરશી હાઈસ્કૂલમાં હિન્દીના શિક્ષક તરીકે જોડાયા. શાળામાં શિક્ષણ અને સામાજિક નિસ્બત ધરાવનાર સર્જક તેમની શિક્ષણ કાર્ય સાથે સાથે ખેડબ્રહ્મા અરવલ્લીની તળેટીઓમાં વસતા આદિલોકના સંપર્કમાં આવ્યા. તેઓના લોક જીવનને વધુ સારી રીતે સમજવા માટે પ્રયાસ આદર્યો. ૨૫ જૂન ૧૯૮૦ના રોજ એક ઘટના બની. સંશોધન અર્થે જતાં નદી પાર કરતાં નદીમાં ડૂબી જતાં, તેમને એક અજાણ્યા આદિવાસી યુવકે બચાવેલા અને આ ઘટનાને તેઓ પોતાના પુનઃર્જન્મ તરીકે જુએ છે અને તેથી જ તેમનું સમગ્ર જીવન તેઓએ આદિલોકની આરાધના માટે સમર્પિત કરી દીધું.

તેમના સાહિત્ય સંશોધન પર ઘણા સંશોધનો થયા છે. તેમના આ સાહિત્ય સંશોધનના મહત્ત્વના કામને બિરદાવતાં કેન્દ્રીય સાહિત્ય અકાદમી -દિલ્હી દ્વારા 'ભાષા સન્માન'(૧૯૯૮), રામ વૃક્ષ બેનીપુરી જન્મ શતાબ્દી સન્માન (૨૦૦૨-પાનીપત), ભારત એક્સેલેન્સ એવોર્ડ

૨૦૦૨-ફ્રેન્ડશીપ ફોર્મ ઓફ ઇન્ડિયા દિલ્હી દ્વારા) વનવાસી કથાસાહિત્ય- ૨૦૦૨), અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ગુજરાત પ્રાંત) ઝવેરચંદ મેઘાણી એવોર્ડ ૨૦૧૧- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ), ટાગોર લિટરેચર એવોર્ડ (કોરિયા અને સાહિત્ય અકાદમી, દિલ્હી), આગમ પ્રભાકર ચંદ્રક(૨૦૧૯-અમદાવાદ ) વગેરે જેવા સન્માનો મળી ચૂક્યા છે.

## ડૉ. **ભગવનદાસ પટેલનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન**:

પોતાની જાતને તેઓ આદિલોકની ટપાલ લઈ આવતા 'ટપાલી' તરીકે ઓળખાવતા. આ સર્જક આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે ફરીને ધીરજ અને સંયમથી નિષ્ઠાપૂર્વક અને હિંમતપૂર્વક કંઠપરંપરાનું અત્યંત મૂલ્યવાન સાંસ્કૃતિક ધરોહરનું જતન કરતાં પંદરસો જેટલી કૅસેટ્સનું ધ્વનિમુદ્રણ કર્યું અને ૩૫ જેટલા શાસ્ત્રીય રૂપના અભ્યાસ અમિત સંશોધન રૂપના સંપાદનો કર્યાં છે. તેમના કુલ મળીને ૫૦ જેટલાં પુસ્તકો ગુજરાતી ભાષામાં તેમનું અદ્વિતીય અને અનન્ય સર્જન છે. તેમનું સંપાદન સંશોધન કાર્ય સૌપ્રથમ ૧૯૮૩માં 'લીલા મોરિય' (ભીલી પ્રણયગીતો) અને 'ફૂલરાંની વાડી' (ભીલી લગ્ન ગીતો) જેવાં સંપાદન કર્યા છે. ગુજરાતી ભાષામાં એકેય મહાકાવ્ય નથી. પરંતુ ભીલી બોલીમાં મૌલિક પરંપરાના ચાર મહાકાવ્યો મળે છે. ભારતમાં પ્રતિષ્ઠિત મહાકાવ્યોના લિખિત રૂપના સંસ્કૃત ભાષામાં રૂપ બંધાયા એ પછી પણ છેક વીસમી સદીના અંત સુધીમાં ભારતના આદિવાસી લોક મહાકાવ્યોની કંઠ પરંપરા અખંડરૂપમાં ધબકતી રહેલી ગ્રામીણ પરંપરાના સ્ત્રોતમાં લુપ્ત થયેલી ગોપીચંદ-ભરથરી રૂપાદે-માલદે ઢોલા-મારુ જેવી અનેક નાયકકથાઓ લોક કથાઓના સાંગોપાંગ રૂપો જેવી આદિવાસી પરંપરાના 'રોમ સીતામા' અને 'ભીલોનું ભારથ' પુરાકથારૂપ મહાકાવ્યો અને 'ગુજરાંનો અરેલાં', 'રાઠોરવાર્તા' જેવા લોક મહાકાવ્યનું સંપાદન તેમણે કર્યું છે.

ડૉ. ભગવાનદાસ પટેલ આપણા લોકસાહિત્યક્ષેત્રે અનેક ગામડે ફરીને તેનું સંપાદન કર્યું છે આ સંપાદન કરવામાં ઘણી સાવધાની રાખવી પડે છે. તેની અસલિયત જાળવવા માટે ઘણી કાળજી રાખવી પડે છે. આ વિષયમાં મેઘાણીએ સોરાષ્ટ્રની ધરતી પણ ઘણું મોટું કામ કર્યું છે. ઘણાની એવી માન્યતા છે કે લોકસાહિત્યનું સર્જન સોરાષ્ટ્રમાં થયું છે. અને ત્યાં વધુ ફૂલ્યું-ફાલ્યું છે. આમ માનવાનું કારણ એ છે કે મેઘાણી, દુલેરાય કારાણી, જયમલ્લ પરમાર, ખોડીદાસ પરમાર વગેરેએ સોરઠની ધરતી પર લક્ષ્ય આપ્યું છે. ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ લોકસાહિત્યનો ખજાનો પડ્યો છે. ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠામાં ઘણું લોકસાહિત્ય વેરાયું છે. આધુનિક કેળવણીએ સાહિત્યની પરવા કરી નથી. આમ છતાં હમણાં જયંતીલાલ દવે અને ભગવાનદાસ પટેલે આ કામગીરી કરી છે. અરવલ્લી પહાડોની ગિરિમાળાના વૃક્ષોથી આચ્છાદિત પ્રદેશ પથરાયેલો છે ત્યાં કુપ્ય-તૂટ્યા વસ્ત્રોમાં જે આદિવાસીઓ રહે છે તેમને પૂરતો ખોરાક પણ મળતો નથી, આવા પ્રદેશમાં જઈને ક્ષેત્રે સંશોધનનું કાર્ય કરીને ડૉ.ભગવાનદાસ પટેલે છેલ્લાં થોડાંક વર્ષોથી ઉત્તમ કામગીરી બજાવી છે. તેમના પુસ્તકો છણાવટ કરીએ તો-

૧) લીલા મોરિયા

લોકસાહિત્યમાં તો છેલ્લી બે સદીથી સંશોધન સંપાદન કાર્ય થતું રહ્યું છે; પરંતુ છેલ્લા અઢી-ત્રણ દાયકામાં સંશોધક દ્વારા ભીલી આદિવાસીઓના મહાકાવ્યો 'રૉમ સીતમાની વારતા' (ભીલી રામાયણ) 'ભીલોનું ભારથ' (ભીલી મહાભારત), 'ગુજરાંનો અરેલો', 'રાઠોરવારતા' જેવા સત્વશીલ ચાર મહાકાવ્યો સાથે ' રૂપાંરૉણીની વારતા', 'તોળીરાણી, ગોપીચંદ-ભરથરી જેવા ૨૧ લોકાખ્યાનો તથા ભીલી સાહિત્યની અન્ય વિદ્યાઓ જેવી કે ગીતકથાઓ, લોકકથાઓ, પુરાકથાઓ, લોકમંત્રો, ગીતો વગેરેના ૪૦

જેટલાં ગ્રંથો મળે છે. આ વિષયના એમણે લીલા મોરિયા (ભીલ પ્રણયગીતો- ૧૯૮૩)થી માંડીને આદિવાસી મહાકાવ્યો (૨૦૧૦) સુધીના ૪૦ ગ્રંથોનું સંપાદન શાસ્ત્રીય પદ્ધતિથી કરી આપ્યું છે.

૨) ફૂલરાની લાડી

ફૂલરાની લાડી માં તેઓ જણાવે છે કે, 'લોકસાહિત્ય' જે તે લોકનાં સંસ્કૃતિ-સમાજનાં જીવનમૂલ્યોમાંથી આવિર્ભાવ પામે છે.' આ રીતે કંઠપરંપરામાં રજૂ થયેલું સાહિત્ય મૌખિક સાહિત્યનું સ્વરૂપ એક વિશિષ્ટ ભૂભાગ પર વસતી જાતિ સમાજના 'લોક'ના સામાજિક-ધાર્મિક-આર્થિક પ્રયોજન માટે સ્થાનિક બોલી-ભાષામાં બંધાતું હોય છે.

૩) અરવલ્લી પહાડની આસ્થા

આ રીતે કંઠપરંપરામાં રજૂ થયેલું સાહિત્ય મૌખિક સાહિત્યનું સ્વરૂપ એક વિશિષ્ટ ભૂભાગ પર વસતી જાતિ સમાજના 'લોક'ના સામાજિક-ધાર્મિક-આર્થિક પ્રયોજન માટે સ્થાનિક બોલી-ભાષામાં બંધાતું હોય છે. આવા સાહિત્યમાં જગતને જાણવાનું દર્શન પ્રાપ્ત થાય છે. આ લોકના આ સાહિત્યમાં જીવનદર્શન કલાત્મક રૂપ લઈને આવે છે.

૪) ડુંગરી ભીલોના દેવીયાવાળાનાં અરેલા

આ પુસ્તકમાં નવ પ્રકરણમાં આઠ લોકસાહિત્યના સંશોધકો-સંપાદકો અભ્યાસલેખો અને લગભગ અઢી દાયકાથી વધારે સમયની રખડપટ્ટી, મહેનત, શોધકાર્યના પરિપાકરૂપે ભીલી ભાષા-સાહિત્યનું ગૌરવ અહીં રજૂ થયું છે.

૫) અરવલ્લી લોકની વહી વાતો

ડૉ. ભગવાનદાસ પટેલ દ્વારા થયેલી આદિવાસી કંઠપરંપરામાં રહેલી લોકવિદ્યા અને તદ્દ અંતર્ગત લોકસાહિત્યની વિભાવનાને પુરસ્કૃત કરે છે. આદિવાસી જીવનધારણાઓ, પરંપરા અને એની જીવનને જોવા-જાણવા-માણવાની દૃષ્ટિની વિશેષ સાહજિકતા અને મુક્ત કથા જ દંભના આંચળા વગરની સંસ્કૃતિનું પૂરી સંપ્રજ્ઞતાથી કરેલા કાર્યને બિરદાવે છે.

૬) ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગેતિહાસિક સંસ્કૃતિ

અંગ્રેજી શાસન દરમિયાન થયેલા સંશોધનની પૂર્વભૂમિકા આપ્યા બાદ ઈ.સ. ૧૯૦૫માં રણજિતરામે કરેલા દૂબળાના લોકગીતાના નિર્દેશથી શરૂ કરી ઈ.સ. ૧૯૫૬માં સ્થપાયેલી રાજ્ય સરકારની લોકસાહિત્ય સમિતિના પ્રકાશનની શરૂઆતનો ઉલ્લેખ કરે છે. ઈ.સ. ૧૯૫૬થી ઈ.સ. ૧૯૮૧ સુધીના છવ્વીસ વર્ષના ગાળામાં સમિતિએ ૧થી ૧૪ મણકામાં કરેલા લોકસાહિત્ય માળાના મણકાની તથા ઈ.સ. ૧૯૮૨ પછી ગુજરાત સાહિત્ય અકાદમીના આ દિશામાં થયેલ કાર્યની નોંધ પણ અહીં કરી છે.

૭) ભીલ લોકમહાકાવ્ય: રાઠોર વાર્તા

ભીલ લોકમહાકાવ્ય તે કંઠપરંપરાના મહાકાવ્યો માટેના પરિચય, મૂલ્યાંકન અને સમીક્ષા કરતા સંશોધક માટે સીમાચિહ્નરૂપ પુસ્તક છે. અહીં તેઓ જણાવે છે કે, 'લોકસાહિત્ય' જે તે લોકનાં સંસ્કૃતિ-સમાજનાં જીવનમૂલ્યોમાંથી આવિર્ભાવ પામે છે.'

૮) ડુંગરી ભીલોનો: ગુજરાનો અરેલો

ડૉ. ભગવનદાસ પટેલે ગુજરાંનો અરેલો, રાઠોરવારતા, ભીલોનું ભારથ અને રૉમ સીતમાવારતા - આ ચારને આદિવાસી કંઠપરંપરાની સુદીર્ઘ કથા કૃતિઓ ગણાવી તેને વિશ્વક્ષેત્રના લોકવિધાકીય ક્ષેત્રનું ફિનીશકુળના 'કલેવાલ' પછીનું સંસિદ્ધ ઉન્નત શૃંગ ગણાવ્યું છે. તેમણે ભગવાન પટેલના કાર્ય ઉપરાંત ડૉ. નાથાલાલ ગોહિલના કાર્ય કંઠપરંપરાની સંતવાણી-અગમવાણી, બળવંત જાનીના વનવાસી કંઠપરંપરાના કાર્યને પણ બિરદાવ્યું છે.

૯) તોળી રાણીની વાર્તા (૧૯૯૩)

'આદિવાસી મૌખિક મહાકાવ્યો' અભ્યાસલેખમાં ભગવાનદાસ પટેલ પ્રાગૌતિહસિક ભીલી સભ્યતાની મૌખિક પરંપરાના અનુસંધાન સાથે આ સંસ્કૃતિનું વર્તમાનકાળ સુધીનું અનુસંધાન સાધે છે. 'નિષાદ'ના નામથી વેદોમાં આ ભીલી પ્રજાતિનો ઉલ્લેખ થયો છે તેમ કહેતા ભગવાનદાસ અહીં ઇંડામાંથી વિશ્વરચના જેવી કથાઓને નિષાદ કે ભીલોની ભેટ આપણને મળેલી ભેટ ગણાવે છે.

૧૦) ભીલ લોકોત્સવ:ગોર (૧૯૯૪)

ભગવાનદાસ પટેલના સંશોધન ગ્રંથમાં આદિમાનવોની સો જેટલી વસાહતો, પંદરસો જેટલા પાષાણ ઓજારો, ચૌદ પાષણ (અશ્મ) સમાધિઓ અને પાંચ ચિત્રગુફાઓ શોધી ૭૦,૦૦૦ વર્ષ પ્રાચીન પ્રાગૌતિહાસિક સંસ્કૃતિ પર પ્રકાશ પાથર્યો છે. ૧૯૮૦થી ૨૦૨૧ સુધીના ૩૦ વર્ષના ભગવાનદાસ પટેલના ક્ષેત્રકાર્યનો ચિતાર આપતા તેઓ જણાવે છે કે, 'એમણે ભીલી સાહિત્યની કંઠસ્થ રચનાઓનું પંદરસો ઓડિયો (શ્રાવ્ય) અને

૫૦ (દૃશ્યશ્રાવ્ય) ઓડિયો વિઝ્યુઅલ કેસેટસમાં રેકોર્ડિંગ ધ્વનિમુદ્રણ દૃશ્યાંકન કરી આપ્યું છે.

૧૧) રોમ-સીતમાની વારતા (૧૯૯૫)

અવતારકથાઓ કે પૌરાણિક હિંદુ ધર્મકથાઓના પરિવર્તન અને મૂળ રૉમ સીતમાની વારતા', 'ભારથ', 'રાઠોરવારતા', 'ગુજરાંનો અરેલો', 'દેવરાની વારતા', 'કૉબરિયાની વારતા' જેવાં ભીલોનાં મૌખિક પરંપરાના મહાકાવ્યો અને આખ્યાનોમાં સંગૃહિત છે. બનાસકાંઠાના દાંતા તાલુકા અને રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના કોટડા-છાવણી તાલુકા સુધી ભીલોનો પ્રદેશ ફેલાયેલો છે, જેનું મૌખિક સાહિત્ય ભીલી-બોલીમાં જ પ્રસ્તુત છે.

૧૨) ભીલોના હગ અને વતાંમણા (૧૯૯૫)

આ અભ્યાસલેખમાં ભીલી સમાજમાં ધાર્મિક-સામાજિક વિધિવિધાનોના ભાગરૂપે ગાવા અને કથવામાં આવતા. અહીં મૌખિક કથનો જેમકે, 'ધૂળાનો પાટ', 'કૉબરિયા ઠાકોરની કોળી', ' સમાધિ પૂજવી', 'હૂરો માંડવો' વિશે પરિચય આપવામાં આવ્યો છે. આ પરંપરાને ખોલતા ભગવાનદાસ પટેલ કહે છે કે, 'મૌખિક મહાકાવ્યો કે ભજનવારતા ઋતુચક્ર પ્રમાણે આવતા પર્વપ્રસંગે ગવાય કે કથાય છે. તેમાં અનેક ઘટના-પ્રસંગ કે પુરાકથાઓ હોય છે, તે આદિમધ્યઅંત પ્રમાણે ક્રમશઃ સળંગ ગવાતું નથી પણ પર્વપ્રસંગને પોષક હોય તે પ્રંસગઘટના કે પુરાકથા ગવાય છે. પ્રસંગ કે ઘટનાને ફૂલની પાંખડી કહેવાય છે.

૧૩) ભીલોનું ભારથ (૧૯૯૭)

'ભીલી સાહિત્ય સંશોધન અને સંપાદન' લેખમાં પરમ પાઠક દ્વારા ભીલી સાહિત્ય અંગે થયેલા સંશોધન-સંપાદન કાર્યનો સવિસ્તૃત અને ઝીણવટભર્યો અભ્યાસ મળે છે. ભગવાનદાસ પટેલના ઉત્તર ગુજરાતની પ્રાગૌતિહાસિક સંસ્કૃતિ અને સભ્યતા પરના સંશોધનથી લઈ રેખાબહેન મહેતા, અરવિન્દ ભટ્ટ, જીવાભાઈ દેસાઈ, નાથજી મહેશ્વર, રમેશ પાઠક, તડવી દંપતી તથા શાંતિભાઈ આચાર્યના આ ક્ષેત્રના કાર્યનો તેમણે પરિચય અહીં આપ્યો છે.

૧૪) ભીલકથાગીત હોનોલ હોતી...(૨૦૦૨)

'ભજન કે મહાકાવ્યો ગાવાવાળા' અને તેમાં આવતી વારતા કથવાવાળાને 'સાધ' (સાધુ) કહેવામાં આવે છે. ભજનમાં રામ પુરાવનારાઓને 'રાગિયા' કે 'બાણિયા' કહેવામાં આવે છે. વારતા કથવામાં હોંકારા દેનારને 'હોકારિયો' કે 'ટેકો-કરનાર' કહેવામાં આવે છે, જયારે શ્રોતા-દર્શકોને 'હોંપળવાવાળા' કહેવામાં આવે છે. આબાલ વૃદ્ધ સ્ત્રી-પુરુષ, આ શ્રોતા-દર્શકો પણ વારતા કે મહાકાવ્યો ગાવા અને નૃત્ય કરવામાં સહભાગી બને છે. આ આખા સંદર્ભ દ્વારા ભીલી આદિવાસી લોકપરંપરાના મૌખિક મહાકાવ્યો-ભજનકાવ્યોના બાહ્યરંગ પરિચય આપી, તે ગીતોને ગાવાની પદ્ધતિ, ધાર્મિક-સામાજિક સ્થળ-કાળનું પ્રયોજન, કંઠસ્થ સાહિત્યનું કલામય સ્વરૂપ, કાવ્યોમાં વપરાતા વાજિંત્રો, લોકસમુદાયની સંપૂર્ણ સહભાગિતા સાથે નાટ્ય- સંગીત અને નૃત્યમય રજૂઆત કરતા સમુદાયના મનોવલણોની સવિસ્તૃત છણાવટ કરી એ પ્રકારે છે જાણે લોકસંસ્કૃતિનો આપણને શાબ્દિક અનુભવ થતો હોય છે.

૧૫) ખુંતાનો રાજવી અને દેવોલ ગુજરણ (મેં-૨૦૦૦)

ભીલી સાહિત્યના ચાર મહાકાવ્યો કંઠપરંપરામાં છે જેના અનુવાદ કે ભાષાંતર કરવામાં નડતા પ્રશ્નોને સોદાહરણ તેમણે ‘ખુંતાનો રાજવી અને દેવોલ ગુજરણ’ માં રજૂ કર્યા છે. ડુંગરી ભીલ પ્રજા તેનાં મહાકાવ્યોને ‘પઝન’ (ભજન) વારતા’ કહે છે અને પ્રકરણને ‘પાંખડી’. આ જે અહીં સ્થાનિક લોક અર્થ જોડાયેલો છે જેનું ભાષાંતર કે અનુવાદ મહ્દઅંશે શક્ય જ નથી. ત્યારબાદ લોકબોલી કાંઠે (ગવાતા) આ લોકગીતામાં અમુક પંક્તિઓ ‘તબૂંર’ સંગત વગર રડતા અવાજે ગાતા હોવાનું દર્શાવવાનું અનુવાદમાં ક્યાંથી શક્ય બને ? આ લયબદ્ધ સંવેદનશીલતા, દૃષ્ટિ અને કર્ણનું સાયુજ્ય અનુવાદ સાથે લેખિત પ્રતમાં દર્શાવવા મુશ્કેલીભર્યા છે, તેવા વ્યવહારિક પ્રશ્નોને ઉઠાવી અમુક શબ્દો, શબ્દોસમૂહ, પંકિત કે વાક્યો પરિચ્છેદને તેના ગર્ભિત અર્થમાં જ સમજી અને અનુવાદમાં મૂકી પ્રજાની સંસ્કૃતિને જીવતી રાખવાની અનુવાદની ભૂમિકા અને ખૂબી-ખામીઓ તરફ અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યો છે. તેનો નિવારણ રૂપે તેઓ પ્રસ્તુત મહાકાવ્યોના અનુવાદ સમયે ભાષા, કાળ, સાંસ્કૃતિક બાબતોને સંલગ્ન વિવિધ સમસ્યાઓ ઉદ્દભવી શકે તે સમજૂતી જે શબ્દસૂચિ, સમજૂતિઓ, પાદટીપ વગેરે દ્વારા હલ કરી શકાય.

૧૬) ઢોલા-મારુણી (૧૯૯૭)

લોકમહાકાવ્યોની કંઠપરંપરાનો પરિચય આપ્યા બાદ ડૉ. ભગવનદાસ પટેલ લોકમહાકાવ્યોના લક્ષણોનો પરિચય કરાવે છે. તેઓ દેવ-દેવ વચ્ચેનો સંઘર્ષ, દેવ-દાનવ વચ્ચેનો સંઘર્ષ, દેવ-માનવ વચ્ચે સંઘર્ષ અને માનવ-માનવ વચ્ચેનો સ્વવંશ કે સ્વજાતિ ગત કે ભિન્ન જાતિઓ વચ્ચેના સંઘર્ષ અને વંશવ્યાપી, યુગ વ્યાપી અને અસર-મહાકાવ્યની પરિણમતી કથાનું મુખ્ય લક્ષણ ગણાવે છે. ભારતીય સાહિત્યના ખૂણે ખૂણે

થયેલા સંશોધન- સંપાદનનો ઉલ્લેખ સાથે ઉત્તર ભારતની ઢોલા-મારુની કથાપરંપરાની તુલના પણ અહીં દર્શાવે છે, તેની સાથે દક્ષિણ ભારતની પરંપરાનો પણ ચિતાર આપે છે.

૧૭) રુપારણીની વારતા (૨૦૦૨)

'રુપારણીની વારતા'માં જન્મથી માંડીને તેના મોક્ષની ગતિ સુધીની ભજન વારતા ગાવામાં આવે છે. મહાપંથી દર્શન અને આદિવાસી ધર્મદર્શનમાં સૃષ્ટિ ઉત્પત્તિ અને તેનાં રહસ્યો એક સરખાં છે. ભારતીય સંત પરંપરા, શિવ-શક્તિ પરંપરા, નાથ પરંપરામાં મહાપંથી સાધના અને જીવનદર્શનની આ અભ્યાસલેખમાં વિસ્તૃત નોંધ કરાય છે. સૃષ્ટિની ઉત્પત્તિના રહસ્યને પામવા માટેની લોકસમાજની કલ્પનાઓનું આલેખન લોકાખ્યાનોમાં છે. સંસ્કૃતિના વિકાસમાં રહેલા આદિવાસીઓ ભ્રમણશીલ હતા. તેમના પ્રકૃતિતત્ત્વો સાથેના સંબંધોમાં આવતા વિસ્મય ભૂલભૂલામણી અને મૂંઝવણને વ્યક્ત કરતી સ્થિતિમાં માનસિક સ્વસ્થતા મેળવા તેઓ પ્રકૃતિના તત્ત્વોની સ્તુતિ કરતા. આ સ્તુતિગાન કલ્પનોત્થ, પુરાણકથાઓ, પૃથ્વીનું સર્જન, પ્રલય, દેવતત્ત્વને લગતી કલ્પનોત્થકથાઓને પુરાકલ્પન અને પુરાકથાઓના માધ્યમે રજૂ કરવામાં આવી છે.

૧૮) પીયાદે હોખલી (૨૦૦૨)

આ પુરાકથાનો સંબંધ ધર્મદર્શન, વિધિવિધાનો, સામાજિક સંસ્થાઓ અને પરંપરાઓ સાથે રહેલો છે. લોકપરંપરાની લાક્ષણિકતાઓ આપતા ડૉ. ભગવનદાસ પટેલ પોતીકી ધર્મદૃષ્ટિ, સર્વોપરી રહેતી શ્રદ્ધા, પ્રકૃતિ સાથેનો ઘનિષ્ઠ સંબંધ, પ્રાગૈતિહાસિક કોયડો, દેવ-દેવી-સૃષ્ટિ-માનવ-પ્રાણી-પ્રકૃતિના ઉદ્‌ભવ ભૂમિકા, પ્રાકૃતિક જીવોનું માનવીકરણ, અલૌકિક અને અતિમાનવીય તત્ત્વોનું સ્થાન, લોકમાન્યતાઓ, લોકશ્રદ્ધા–

લોકવિહારને પ્રાધાન્ય અને પ્રકૃતિ સાથે જીવનના મહાત્મ્યને સમજાવવાનો પ્રયત્ન કરે છે. ભીલ લોકપરંપરાના 'ભીલી પૌરાણિક લોકાખ્યાન'ની નહિ ચર્ચા કરતા તેઓ ત્રણ ભાગમાં વિભાજિત પુરાકથાઓને વિસ્તારપૂર્વક રજૂ કરવાનો અભિગમ રાખે છે. ભગવાન, દેવ-દેવીઓ અને સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક પુરાકથાઓમાં તેઓ પૃથ્વીની ઉત્પત્તિ વિષયક પુરાકથા ૧માં પૃથ્વીની ઉત્પત્તિની કથા છે, 'ડુંગરી ભીલોના દેવિયાવાળા અરેલા', 'ધરણી' અને 'મનુષ્ય અવતારની વહી', દેવો અને મનુષ્ય અવતાર', 'દેવીઓની વહી', 'મનખા-અવતારની વહી', 'દેવરાની વારતા', 'મોતીચરાની વારતા', 'મનખા-અવતારની વહી', 'ગણગોર'નો ઉત્સવ, ગરાસિયા લોકોત્સવ, કૉબરિયા ઠાકોરની વારતા, ગૌતમ રખીની કથા, 'સોખલા ગરાસિયાની વહી વાતો' તથા 'બારમેઘની વાત' જેવા લોકાખ્યાન જોવા મળે છે.

૧૯) અને ૨૦) માહિતી ખાતાના પ્રકાશનો

'લોકસાહિત્ય સંશોધન-સંપાદનનાં બે શિખરો' અભ્યાસલેખમાં ગુજરાતની કંઠ-પરંપરાના દસ્તાવેજીકરણ તથા સંશોધન સંપાદનની પ્રવૃત્તિની લગભગ બે સદી યાત્રાના સીમા સ્તંભોને હસુ યાજ્ઞિક ઇતિહાસ સાથે અર્થઘટન કરી પ્રસ્તુત કરે છે. તેઓ આ આખી સંશોધન-સંપાદનની પ્રવૃત્તિને ગુજરાતની સાહિત્યના સંદર્ભમાં બે શિખરોમાં વહેંચે છે. પ્રથમ શિખર છે મેઘાણીની આ ક્ષેત્રના સંશોધનની ભૂમિકા અને બીજું શિખર નવમા દાયકાથી ડૉ. ભગવાનદાસ પટેલની આદિવાસી કંઠપરંપરાનું થયેલ દસ્તાવેજીકરણ. તેઓ ગુજરાતની લોકકંઠ પરંપરાના ભીલી મહાકાવ્યો અને તેને શોધી કાઢનાર ભગવાનદાસ પટેલની સંશોધન-સંપાદન પ્રવૃત્તિને બિરદાવે છે. શહેરીકરણ-શિક્ષણ અને આધુનિકીકરણ પછી આ આદિવાસીઓની જીવંત રહેલી પરંપરાના મૂળભૂત લક્ષણોની

સાથે પરંપરા જળવાઈ રહ્યાના કારણો અહીં આપ્યાં છે. આ કારણોની વિસ્તૃત નોંધ કરતાં તેના મુખ્ય કારણો જોઈએ તો, આદિવાસીની આ પરંપરા તેમના ધાર્મિક અનુષ્ઠાનનો ભાગ હતા તથા તેમની આ પરંપરાને સાધુ-ભોપા-ભોપી જેવો ખાસ વર્ગ ટકાવનારો હતો અને જાતિગત-સામાજિક-ધાર્મિક પરંપરાને કારણે આ કંઠપરંપરાને આ સમાજ જાળવી શક્યો છે. આ કંઠપરંપરા માત્ર લોકવિદ્યાથી-શુધ્ધતા કે પૂર્તતાના રૂપમાં લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્યની ધારા નથી પણ તેઓ આ પરંપરાને Semi Literary' પ્રકારની ગણે છે.

૨૧) લાલુ અરિદા (૨૦03)

આ આદિવાસી પરંપરાનું સર્જન કે નિર્માણ, સંક્રમણ, પ્રસ્તુતીકરણ વગેરે કલાકાર એવા વૃંદ દ્વારા એટલે કે સાધુ-ભોપા-ભોપી દ્વારા થાય છે. આ લાલુ અરિદા ની અરેલાકથા પરંપરાગત મૂળભૂત વ્યક્તિકૃત રચનાઓ છે. આ આખી પરંપરાગત લોકકથાઓ મૂળભૂત જીવનની ધારણાઓ સાથે સંકળાયેલી હોવાથી ટકી છે. આ પરંપરામાં આદિવાસીઓ કુંતા અને દ્રૌપદી ડાકણ દેવીઓ માને છે, જયારે ગુર્જર જાતિના દેવનારાયણ ખેડબ્રહ્માના ડુંગરી ભીલોના લોકદેવ છે અને ‘ગુજરાંનો અરેલો’ ધર્મવિધિ સંલગ્ન પુરાણ છે; જેમાંથી આર્યધર્મની જ પુરાકથાઓ આદિવાસી પરંપરાએ સ્વીકારી છે. આદિવાસી મહાકાવ્યોની વાત કરતા હસુ યાજ્ઞિક કહે છે કે, આદિવાસી મહાકાવ્ય ‘રોમ સીતમાની વારતા’માં માનવ-દાનવ સંઘર્ષ છે, ભારથમાં વંશ યુદ્ધ છે, રાઠોરવારતા અને અરેલોમાં બે ભિન્ન વંશ અને જાતિ વચ્ચેનો સંઘર્ષ છે... કુદરતી આફત અને યુદ્ધ જેવી માનવીએ ઊભી કરેલી આફતથી અંતે તો વિનાશ જ સર્જાય છે... અતિમાનવીય તત્ત્વ માણસને દુર્બુદ્ધિથી પોતાનો વિનાશ કરે છે, એ માટે પ્રેરે છે. ( પૃ ૫૭, ૫૮) આ તંતુના કારણો સાથે જોડ્યા

છે. આમ, ડુંગરી ભીલોના જાતિગત કુળમૂળ, એમનો ઇતિહાસ, ગુર્જરો સાથેનો સંબંધ અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય આ મહાકાવ્યો પૂરા પાડે છે.

૨૨) ગોપીચંદ- ભર્થરીની વારતા (૨૦૦૫)

અહીં ભજન સૂર્યોદય સુધી ગવાય છે, જેમાં 'ગોપીચંદ- ભર્થરીની વારતા', 'રૂપારૉણીની વારતા' 'તોળીરૉણીની વારતા', 'સતિયા સદણની વારતા', 'રૉમ સીતમાની વારતા', 'ભારથ' વગેરેની ભકિતભાવની પાંખડીઓ ગવાય છે. આજ અભ્યાસલેખતો બીજો મહત્ત્વનો ભાગ છે 'મહાપંથી જીવનદર્શન'. મહાપંથી ભજન સંપાદનમાં તેની ઉત્પત્તિ કથા, આરાધી ભજનમાં સાધના ક્રિયા, ગુરુમુખી શબ્દજ્ઞાનમાં ગુપ્ત રહસ્યોની ચાવીઓ આપવામાં આવી છે. શિવ-શકિતએ મળી આ મહાપંથ સ્થાપ્યો અને તેને વિસ્તાર કર્યો છે, તેમ માનવામાં આવે છે. મહાપંથના મૂળ જોતા આદિધર્મ સનાતનધર્મ-મહાપંથ-ધૂનોધરમ કહી શકાય છે. અરણ્યવાસી ભીલ સમાજનો આ ધર્મ છે, જે ભારતના મૂળ નિવાસીઓ છે.

૨૩) આદિવાસી, જાનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી (૨૦૦૫)

આ ભીલી આદિવાસી સમાજ જે આજે તો પિતૃસતાક પરિવારવ્યવસ્થામાં હોવા છતાં પૂર્વકાલીન માતૃસત્તાક સમાજવ્યવસ્થાના અંશ તેમાં સ્પષ્ટ જોઈ શકાય છે. તેની પરંપરામાં રહેલા સર્જન સ્રોત ભગવાનદાસ અહીં રજૂ કરે છે. આદિવાસી સમાજ પ્રકૃતિથી નજીક હોવા સાથે સહકાર અને સહભાગિતા સાથે જોડાયેલો સમાજ હોવાથી મૌખિક પરંપરા મહાકાવ્યોમાં આવતા ધાર્મિક-સામાજિક સંદર્ભ સાથે ઋતુચક્ર વિશેષ મહત્ત્વ ધરાવે છે.

૨૪) મોતીચ્રાની વારતા (૨૦૦૭)

'મોતીચ્રાની વારતા' માં આ ભારતીય મૂળ નિવાસીઓનો ધર્મ અને અર્થ શિવ-શકિત ઉપાસનાનો છે, પ્રકૃતિપૂજક આ સમાજનો મહાપંથ, બુદ્ધધર્મ, નાથપંથ, તંત્રસાધના, નિર્ગુણ જ્યોતપાટ, ઉપાસના, ભારતીય સંતસાધના એ મૂળ તથા સનાતન ધર્મ છે. આ મહાપંથમાં સ્ત્રી કર્તા-હર્તા-સમાહર્તા છે. પુરુષે સ્ત્રીનું આધિપત્ય –શરણું સ્વીકારવું પડે છે. આ પંથની સાધનામાં `સ્થૂળ દૈહિક ક્રિયાઓ નથી, પણ આંતરજગતની સૂક્ષ્મસાધના છે. આ મહાપંથી સમુદાયના લોકો સ્ત્રીને અધિષ્ઠાત્રી માનતા હોવાથી જ 'રૉમ સીતમાની વારતા'માં કન્યા જન્મને આનંદના પર્વ તરીકે ઉજવવામાં આવે છે. આ સમાજ માનવમાત્રને સમાન ગણે છે.

૨૫) શોધ સંપદા (૨૦૦૮)

'લોકવિદ્યા' અને 'લોકસાહિત્ય' શબ્દના ભારતીય અને પાશ્ચાત્ય સંદર્ભ સાથે સ્વરૂપ અને શબ્દ વિભાવના સંપાદકીયમાં ડૉ. ભગવાનદાસ પટેલ આપે છે. 'લોક' અને 'સમાજ'ને છૂટું પાડતા 'લોક'નું ચિરકાલીન પણું, પરિવર્તનશીલતાનો ગુણ, લોકની જીવ-જગતને જોવાની, સમજવાની પરંપરાની લાક્ષણિકતા અહીં રજૂ થઈ છે.

૨૬) લોકયાત્ર

આ પરંપરામાં ભીલી સાહિત્ય : સંશોધન અને સંપાદન લેખનો હાર્દ જણાવતાં પરમ પાઠક કહે છે કે, 'આ સાહિત્યનાં સંશોધન-સંપાદન-વિવેચનની પ્રવૃત્તિમાં હસુ યાજ્ઞિકનું પ્રદાન વિશેષરૂપે ધ્યાનપાત્ર છે. ભગવાનદાસ અને હસુભાઈની યુતિ ભારતીય કાવ્યશાસ્ત્રના આનંદવર્ધન અને અભિનવગુપ્તનું સ્મરણ કરાવે છે.

૨૭) ભીલોના ધાર્મિક ગીતો (૨૦૦૯)

આ પરંપરાના લોકમહાકાવ્યોના બાહ્યસ્વરૂપનો પરિચય આપ્યા પછી ભગવાનદાસ પટેલ અહીં આંતરસ્વરૂપને પણ ઝીણવટથી મૂળથી છેક સુધી પ્રસ્તુત કરે છે. સૃષ્ટિસર્જનની પુરાકથાથી માંડી નાયિકાપ્રધાન મહાકાવ્યો, આ મહાકાવ્યોનો જીવનબોધ કે યુગબોધ, આધારસ્રોત, સમગ્ર જીવનનું સત્ય(બોધ), સાહિત્યિક વલણ તથા લોકસંસ્કૃતિના પાયામાં રહેલી આસ્થાની વાત માંડે છે. આ લેખના છેલ્લા ભાગમાં ભગવાનદાસ પટેલ તેમની આ ‘લોકયાત્રા’ના પડાવ, મદદ કરેલા લોકનો પરિચય, મળેલી પ્રેરણા, પોતે કરેલા ખંત સાથે પૂર્વસૂરિયોના પાયામાં રહેલા પ્રયાસ અને લોકસાહિત્યના સંશોધન-સંપાદનના ઇતિહાસની આછીપાતળી રૂપરેખા અહીં પ્રસ્તુત કરે છે.

**સમાપન:**

ડૉ. ભગવાનદાસ પટેલ સંપાદિત ઉપરોક્ત અભ્યાસીય ગ્રંથોમાં પ્રાગ ઐતિહાસિક યુગથી એકવીસની સદી સુધીના આ ડુંગરી આદિવાસી લોકોની ભીલી કંઠ પરંપરાથી આપણે અહીં ચોક્કસ પરિચય પ્રાપ્ત કરી શકીએ. સાથે પાશ્ચાત્ય લોકવિદ્યાની વિભાવનાથી તદ્દન જુદી પડતી સદા સજીવન ભારતીય લોકપરંપરાની લયબદ્ધ-સંગીતબદ્ધ-સંવેદનાસભર મૌખિક પરંપરાની ધરોહર સમા ચાર મહાકાવ્યો તથા અન્ય લોકાખ્યાનોના કથાનકનો પરિચય તો પ્રાપ્ત થાય છે સાથે લોકબોલીમાં લખાયેલા આ સાહિત્ય અને તેના શબ્દો-સંદર્ભને સમજવામાં આ પુસ્તકો ઉપયોગી નીવડે, ઉપરાંત પ્રશિષ્ટ મહાકાવ્યોના ક્થાનક અને ભીલી લોકમહાકાવ્યોના કથાનક ક્યાં જુદાં પડે, ક્યાં સમાનતા ધરાવે છે ? તેનો તુલનાત્મક અભ્યાસ પણ અહીં રજૂ થયો છે. મહત્ત્વના લોકસાહિત્યના

બિંદુઓના સ્પષ્ટીકરણ, મૂલ્યાંકન, ઇતિહાસની પરિચાયાત્મક ભૂમિકા, પાશ્ચાત્ય અને ભારતીય ભીલી લોકપરંપરાના સંશોધનની રીતિ, ગતિ અને અભિવ્યક્તિના સંદર્ભ પુસ્તકો તરીકે પણ આ પુસ્તકો મહામૂલા બન્યા છે. ડૉ.ભગવાનદાસ પટેલે અરવલ્લીના પહાડોમાં ફરીને રાઠોરવારતા નામનું મહાકાવ્ય શોધી કાઢવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આ કાવ્ય વાંચીને એમ લાગે છે કે, જેમ શિષ્ટ સાહિત્યમાં રામાયણ, મહાભારત જેવા સંસ્કૃત મહાકાવ્યો હતાં તેમ આદિવાસીઓમાં પણ તેમનાં પોતાના લોકસંસ્કૃતિના પ્રતીકરૂપ મહાકાવ્યો હતાં અને તેના સંપાદનનું ભગીરથ કાર્ય ભગવાનદાસ પટેલે કર્યું છે. ડૉ.ભગવાનદાસ પટેલે બનાસકાંઠાના બાબુકામાં અને ખેડબ્રહ્મા તાલુકામાં ડુંગરીભીલની અનેક વાતો કે જેને તેઓ “વહી વઈ” કહે છે તેનો અભ્યાસ કર્યો છે. તે લોકોમાં ‘લોપો’ મહત્વનું કામ કરે છે, જેને આપણે ‘ભૂવો’ કહીએ છીએ. ભગવાનદાસ પટેલે આ ભીલોના ગામડે ગામડે ફરીને અનેક ગુપ્ત વાતો કેસેટમાં કંડારી છે. તેમની ભાષા આપણાથી સમજવી મુશ્કેલ છે. એ બોલીની સાથે સાથે ગુજરાતી તરજૂમો પણ આપેલ છે. તેમના મંતવ્ય પ્રમાણે લોક સંસ્કૃતિના ભાગ તરીકે, લોકવિદ્યાના એક ભાગ તરીકે, લોકબોલી લોકોના મુખમાં જીવતી સાંસ્કૃતિક મૂડીનું સંપાદન જે ક્ષેત્રમાંથી કરવાનું છે તે ગાનવીય ક્ષેત્ર છે. અજીબ શરમાળ લોકો સાથે કામ પાર પાડવાનું છે. પહાડોમાં વસતા તે લોકો પાસે અનેક વાર્તાઓ છે, જેનું સંપાદન ભગવાનદાસે જઈને કર્યું છે. આ આદિવાસીઓનો વિશ્વાસ સંપાદન કરી તે કામ લે છે. આ માટે તેમણે અનેક મુશ્કેલીઓ વેઠી છે, પારંપારિક લોકકથાઓ, ગીતો, ભાજન્કથાઓ, નૃત્યો, માન્યતાઓ, બાધાઓ, ભુવાની વાતો, આખ્યાનો, રીતરિવાજ, રહેણીકરણી આ બધું તેમના લોકસાહિત્યમાં સમાવિષ્ટ છે. કોઈ ઇતિહાસકાર, ભાષાશાસ્ત્રી, નૃવંશશાસ્ત્રી કે સંસ્કૃતિના જિજ્ઞાસુઓ માટે આ સાહિત્ય ઘણું ઉપકારક બને છે. ડૉ.ભગવાનદાસ પટેલે અનેક માહિતીઓ એકઠી કરી છે. એ ઉપરથી ડુંગરી ભીલ આદિવાસીની વાહઓમાં પ્રગટતા તત્કાલીન સમાજ-જીવનની સાથે સાથે આ કથાઓ પ્રાચીન કાળના માનવની

મનોવૈજ્ઞાનીક પ્રવૃતિઓને પણ પ્રગટ કરે છે. આવી કથાઓમાં ધાર્મિક અનુષ્ઠાનો, વિશ્વાસો, અંધશ્રધ્ધાઓ, મંત્રો-તંત્રો, જપ વગેરેનું અલૌકિક વર્ણન જોવા મળે છે. એ લોકો સૂર્ય, વાયુ, આકાશ, સમુદ્ર, પૃથ્વી, સરિતા જેવી પ્રાકૃતિક શક્તિઓ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. શ્રી ભગવાનદાસ પટેલે શોધી કાઢેલ રાઠોર વાર્તાઓ કોઈપણ વિદ્વાનને આશ્ચર્ય પમાડે એવું મહાકાવ્ય છે. આમ એમણે લોક સાહિત્ય ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

## સંદર્ભ સૂચિ:


1. https://gu.wikipedia.org/wiki/ભગવનદાસ_પટેલ
2. https://avyuktakruti.wordpress.com/2020/11/19
3. https://www.sahityasetu.co.in/issue49/magara.php
4. https://www.wikiwand.com/gu/ભગવનદાસ_પટેલ
5. https://www.gujaratinots.com/2020/09/blog-post_26.html
6. https://www.gujaratheadline.com/અમદાવાદ/ઇન્ટરનેશનલ/લિટરેચર/સમિટ
7. https://imusti.com/int_author_category?author=Dr./Bhagvandas/Patel